R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 34. DATE: 25-08-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



## જાણીતા ઇવેન્જલીકલીસ્ટ ડો.પી.પી.જોબનું અવસાન

આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા ઈવેન્જલીકલીસ્ટ ઉપદેશક ડો.પી.પી.જોબનું હૃદયરોગના હુમલાથી તા.૧૯ ઓગષ્ટે અવસાન થયું હતું.તેઓ ૬૭ વર્ષના હતા.તેમના અવસાન અંગે જોબ વેબસાઈટે જાણકારી આપી હતી. તેઓ હંગેરી ખાતે ટીસઝાન્ગફાલુ ખાતે એક ચર્ચમાં ઉપદેશ આપવા માટે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો.તેઓ ૧૯૬૩થી ઈવેન્જલીકલીસ્ટ તરીકે કાર્ય કરતા હતા.અને ખાસ કરીને જે ચર્ચોની કોમ્યુનીસ્ટ અને મુસ્લીમ દેશોમાં સતાવણી કરાઈ રહી હોય ત્યાં તેઓ જતા હતા.તેઓ ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન એસો.ના પ્રમુખ હતા.તેમણે સંસ્થામાં ૩૩ વર્ષની કામગીરી કરી હતી.

## ગોસ્પલ ફોર એશીયાના મિશનરીનું અપહરણ અને છુટકારો

ગોસ્પલ ફોર એશીયાના પાસ્ટર પોન્નાચન જ્યોર્જનું તા.૨૭ જુલાઈના રોજ પાંચ આતંકવાદીઓ દ્વારા આસામના અંગલોગ જીલ્લામાં આવેલ કરબી ખાતે આવેલ બાયબલ સ્કુલ કેમ્પસમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું.જો કે ગ્લોબલ મિશન એજન્સીના પ્રેસિડેન્ટ કે.પી યોહાનને તેમનો અપહરણ બાદ છુટકારો થયાના સમાચાર આપ્યા હતા. આતંકવાદીઓએ બંધુકની અણીએ અપરહણ કર્યા બાદ તેમને ગાઢ જંગલોમાં લઈ જવાયા હતા.જ્યાં તેમના છુપાવવાનુ સ્થળ હતું.જ્યાં તેમને વારંવાર ગોળી મારવાની વાત કરવામાં આવતી હતી.આતંકીઓ ચર્ચા કરતાં હતા કે તેમણે પૈસાની પણ માંગણી કરવી.એક અઠવાડીયા સુધી બંધક બનાવી રાખ્યા બાદ તેમને કોઈપણ માંગણી કર્યા વિના છોડી મુકવામાં આવ્યા હતા.

સંસ્થાએ આતંકીઓ સાથે કોઈપણ જાતની ચર્ચા કરવાનું મુનાસિબ માન્યું નહોતું પરંતુ તેમણે સમગ્ર જીએફએને જ્યોર્જના છુટકારા માટે ઉપવાસ સાથે પ્રાર્થનાની અપીલ કરી હતી.સ્થાનિક પોલીસ,આર્મીના અધિકારીઓ, અને બીજા ઉચ્ચ સ્તરના સરકારી અધીકારીઓએ જ્યોર્જના છુટકારા માટે પ્રયત્નો કર્યા હતા.તેમના પ્રયત્નો વગર જ્યોર્જનો છુટકારો અશક્ય લાગતો હતો.

પરંતુ અમો ઈશ્વરનો આભાર માનીએ છીએ કે તમામ સરકારી અધિકારીઓ,પોલીસ અને આર્મીએ અમારી મદદ કરી અને અમારા ભાઈનો છુટકારો થવા પામ્યો.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## આંદામાન હ્યુમન સફારીના સુપ્રીમ કોર્ટના હુકમને પડકારાશે



લંડન સ્થિત એનજીઓ સર્વાઈવલ ઈન્ટરનેશનલના જણાવ્યા પ્રમાણે ભારતની સુપ્રીમકોર્ટે આંદામાન ટાપુ ખાતે હ્યુમન સફારીમાં જવાના રસ્તાઓ બંધ કરવાનો હુકમ આપ્યો હતો પરંતુ ત્યાના સ્થાનિક સત્તાવાળાઓએ હુકમનો અમલ કર્યો નથી એ ઉપરોકત ફોટા ઉપરથી જણાઈ આવે છે.આ માસ અગાઉ સુપ્રીમ કોર્ટે જવારા રીર્ઝવ માટે પાંચ કી.મી.નો બફર ઝોન દાખલ કરવાનો હુકમ કર્યો હતો.જેથી વિશ્વની પ્રાચીન આદિવાસી જાતિ જ્વારાનું રક્ષણ થઈ શકે,અને ટુરીસ્ટો દ્વારા જવારા જાતિના લોકોનું શોષણ થતું અટકાવી શકાય.કોર્ટના હુકમથી રીર્ઝવની આસપાસ આવેલા રીસોર્ટ ટુરીસ્ટો માટે બંધ થઈ ગયા હતા.જેથી ટાપુ પરના રોમાંચક સ્થળો જેવાં કે મડ વોલકેનો,અને લાઈમસ્ટોનની ગુફાઓ પણ પ્રવાસીઓ માટે બંધ થવા જોઈતા હતા પરંતુ હજુ સુધી તે ચાલુ રહ્યા છે.ત્યાના સામાજીક કાર્યકરો દ્વારા આંદામાન ટ્રંક રોડ જે રીર્ઝવમાંથી પસાર થાય છે તે ચાલુ રહે તો તે માટે વાંધો નથી કારણે કે ત્યાનો ટ્રાફિક ઘટી જવાનો હતો.આ રોડ પરથી દરરોજ ૨૫૦ જેટલાં વાહનો પસાર થાય છે.અને મોટા ભાગના વાહનો ટુરીસ્ટ વાહનો જ હોય છે.જેમાંના મોટાભાગના પ્રવાસીઓ મડ વોલ્કેનો અને લાઈમસ્ટોનની ગુફાઓ જોવા જતાં હોય છે,પરંતુ મોટાભાગના ટુરીસ્ટોને ત્યાં જવા પાછળનું કારણ તો હ્યુમન સફારીનું આર્કષણ છે.

જો કે આંદામાન સત્તાવાળાઓએ મડ વલ્કેનો અને ગુફાઓની સાઈટ બંધ કરવાનો નનૈયો ભણ્યો હતો.અને સુપ્રીમ કોર્ટને અપીલ કરી હતી કે તાજેતરમાં થયેલા હુકમમાંથી આ બાબતને કાઢી નાંખવામાં આવે.આંદામાન સત્તાવાળાઓ સુપ્રીમ કોર્ટમાં નવી અરજી કરવાના છે જેમાં આઠ સપ્તાહ માટે હુકમ મુલવતી રાખવાની બાબત છે.જેથી તેઓ નવો બફર જોનનો પ્લાન મુકી શકે.જેથી તેમાં વલકેનો અને ગુફાઓની બાદબાકી કરી શકાય.સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ હુકમમાં એટીઆર ખુલ્લો રાખવાની અને ત્યાથી પસાર થવાની જે પરવાનગી આપી તે રદ કરવાની તક ચુકાઈ ગઈ છે.પરંતુ વલકેનો અને ગુફાઓ બાબતે અપાયેલ મનાઈ પુરતી છે.જેથી ટુર ઓપરેટર્સ દ્વારા હ્યુમન સફારીનો જે લાભ લેવાની ગણત્રી હતી તે પર રોક લાગી છે.તેવું સર્વાઈવલ ઈન્ટરનેશનલના ડીરેકટર સ્ટીફન કોરીએ જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો મડ વલ્કેનો અને લાઈમસ્ટોનની ગુફાઓ પ્રવાસીઓ માટે ખુલ્લી રહેશે તો હજારો પ્રવાસીઓ રોજ જશે અને જ્વારાને જે રક્ષણ આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે તેનો ભંગ થશે.જેથી આંદામાનના સત્તાવાળાઓએ પોતાને સાબિત કરવું પડશે કે તેઓ હુકમને તરફેણમાં છે.



ડો.ઉદીતરાજ જંતરમંતર -દિલ્હી ખાતે દલિત ખ્રિસ્તીઓની અનામતના મુદ્દે યોજાયેલ રેલીના કાર્યક્રમાં સંબોધિત કરી રહ્યા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવક્રાંતિ

મનસેની રેલી પાછળનું રાજકારણ સામાન્ય જનતાને કનડી રહ્યું છે.રેલી પાછળની ચાલ સરકારને પરખાઇ નહી અને વર્ષોથી શાંતિનો અહેસાસ કરતું મુંબઇ શહેર એક અરાજકતા તરફથી જઇ રહ્યું હોવાનો અહેસાસ થયો.ભારતમાં કાયદો હાથમાં લેનારાઓને જાણે કે ભાવતું મળી ગયું હોય તે રીતે કાયદાને ગણકાર્યા વગર વર્તન કરનારા લોકોની જમાત વધી પડી છે.લોકોના હિતો માટે કાર્ય કરતા હોવાનો ડોળ કરીને કેટલાંક સ્વાર્થી લોકો પોતાના સ્વાર્થ સાધવા કે મતોના રાજકારણે અવારનવાર સામાન્ય જનતાને બાનમાં લેતા હોય છે.લોકોના ટોળાં ભેગા કરવા માટે હવે જાહેર થઇ ચુક્યું છે કે કેટલીક એજન્સીઓ આ માટે કાર્ય કરે છે.અને તેઓ મેદની પુરી પાડી શકે છે. તેથી આવા દેખાવો ઉભા કરીને જનમત તેમની સાથે છે તે પ્રકારનો દેખાવ કરવામાંથી પાછા પડતા નથી.ટીઆરપી વધારવાની હોડમાં કેટલીક મીડીયા એજન્સીઓ પણ તેમાંથી બાકાત નથી.તેઓ પણ કાગનો વાઘ કરવામાં પાવરધા બની ગયા છે. તેમને નાણાં અને ટીઆરપી બેઉ મળે છે.

મનસેએ જો લોકોના હિતો માટે જ કાર્ય કરવાનું હોય તો એવા ઘણા બધા કાર્યો છે જે કરાવાથી કે કરાવવાથી જનતાનું હિત સચવાઇ શકે છે.રાજકારણની હાટડીઓ ઉભી કરનારાઓની જમાતમાં અનેક ટપોરીઓની જમાત પણ સામેલ છે.આ બધાને પોતાનો સ્વાર્થ સાધવામાં જ રસ છે તેમને લોકોના હિતોની જરા પણ દરકાર નથી.સામાન્ય નાગરિકોએ જાગવાનો સમય હજુ પણ છે.આવા લોકોને રાજકારણથી દુર હડસેલી દો,અને સારા લોકોને ચુંટી કાઢો.

યુપી,બિહાર,કે આસામી હોય કોઇને પણ દેશમાં ગમેતે જગ્યાએ તમામ પ્રકારની છુટ છે.તેને કોઇ કાઢી મુકી શકે નહી.મુંબઇમાં યુપી,બિહારીઓ માટે મનસેના નેતા ઠાકરે દ્વારા કરવામાં આવેલી ટીપ્પણી અવ્યવહારુ અને અયોગ્ય છે.તેની સામે સરકારે યોગ્ય પગલાં લેવા જરુરી છે.અખંડ ભારતની કલ્પના તુટી પડવાની વાત હોય તો તે માટે જાગવાની જરુર છે.કર્ણાટકમાં આસામીઓને રાતોરાત ઉચાળા ભરવા પડે,અને તે પણ એવા એસએમએસના કારણે કે તેઓની એ રાજ્યમાં સલામતી નથી.દેશના નાગરિકને તે કોઇ પણ રાજ્યનો હોય તેને સલામતીની જોગવાઇ કરવાની જવાબદારી જે તે રાજ્યની ફરજ બને છે.કારણો ગમે તે હોય પરંતુ લોકોનું રક્ષણ કરવું જરુરી છે.

## મંતવ્ય

દરેક સરકારી કર્મચારીઓ-અધિકારીઓ પોતાના તહેવાર તેમના પરિવાર સાથે અને ખાસ કરીને તેમના વતનમાં જઇને ઉજવતા હોય છે. જ્યારે ફક્ત પોલીસને મોટાભાગના તહેવાર ઉપર ફરજ બજાવવી પડતી હોવાથી તેમને કોઇપણ તહેવાર કુટુંબ સાથે રહીને મનાવવાનો અવસર મળતો નથી.આમ પોલીસની નોકરી અન્ય નોકરીઓ કરતાં કઠીન છે.જેથી સરકારે તેના બદલામાં કોઇ ખાસ વળતર ચુકવવું જોઇએ,અથવા તો ખાસ પગાર આપવો જોઇએ.

જયાનંદ એ.ગોહિલ,નડીયાદ.૨

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**શાલેમ મેરેજ બ્યુરો**


- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

# બ્રિટનના ચર્ચો માટે લગ્ન અંગે માર્ગદર્શન આપતુ પુસ્તક પ્રકાશિત થયું

ચર્ચ ઓફ ઇંગ્લેન્ડ વેડીંગ પ્રોજેક્ટ દ્વારા પાંચ વર્ષની અથાગ મહેનતથી ચર્ચ વેડીંગ હેન્ડબુક તૈયાર કરવામાં આવી હતી.જેમાં સાત પાસ્ટરલ મોમેન્ટને વણી લેવામાં આવી હતી.

એક ટકા કપલ લગ્ન પછી ચર્ચ સાથે જોડાયેલા રહે છે અને તેઓ લગ્ન પછી પણ લગ્ન કરાવનાર પાળકની મુલાકાત માટે ઇચ્છુક હોય છે.એક સંસોધનમાં જોવા મળ્યું છે કે ૫૩ ટકા લોકો ચર્ચમાં થતાં લગ્નને યોગ્ય માને છે.તેથી જેઓ ચર્ચમાં લગ્નગ્રંથિથી જોડાય છે તેઓચર્ચ સાથે મજબુતાઇથી જોડાયેલા રહે છે.અને જેઓ અન્ય સ્થળોએ લગ્ન કરે છે તેઓ તેમની માન્યતાને અનુસરે છે.આ પ્રોજેકટમાં ૩૫૦૦ પાળકો,જેઓ વિવિધ ૩૩ ડાયોસીસ સાથે સંકળાયેલા હતા તેમને તાલીમ આપવામાં આવી હતી,અને ચર્ચને લગ્ન માટેના નવા રીર્સોસીસ પુરા પાડવામાં આવ્યા હતા.ચર્ચે એ બાબત ધ્યાનમાં લીધી હતી કે વેડીગ પ્રોજેક્ટ માત્ર સમગ્ર સમાજ માટે આવકાર્ય છે ઉપરાંત સમાજના વિકાસ માટે પણ તેમાં નવતર પ્રયોગો પણ જરુરી છે.વેડીંગ પાઇલોટ પ્રોજેકટમાં ઓક્સફર્ડ અને બ્રેડફોર્ડ એરીયાને વણી લેવામાં આવ્યા હતા.તેથી તેમાં ૧૦ થી ૫૦ ટકાનો સુધારો દેખાયો હતો.ઇંગ્લેન્ડમાં ૨૦૧૦માં ચર્ચોમાં લગ્ન કરવાનો દરમાં ૪ ટકાનો વધારો વેડીંગ પ્રોજેક્ટના કારણે આવ્યો હતો.




હેન્ડબુકમાં લગ્નગ્રંથિથી જોડાનાર કપલ માટે અને ચર્ચ સાથે મજબુત સબંધો બાંધવા માટે સાત ચાવીઓની તકો બતાવવામાં આવી છે.આ બુકમાં લગ્નનો કાયદો,લગ્નનું માપ,લગ્નની ફી,વિગરે બાબતોની યાદી પણ આપવામાં આવી છે.બુકમાં કેટલીક સલાહો લગ્ન કરનારાઓ માટે નોધવામાં આવી છે.લગ્ન પછી લેવાની તકેદારી,કપલો માટે પ્રાર્થના કરવાની જવાબદારી,લગ્ન પછી દરેક કપલને ૩૦ દિવસમાં લગ્ન કરાવનાર પાદરીને મળવાનું આમંત્રણ,તેમજ લગ્નની પ્રથમ તિથિએ દેવળમાં આવવાનું ખાસ આમંત્રણ વિગેરે નોધવામાં આવ્યું છે.

લગ્ન અંગેની સમજ,લગ્ન બાદ અસફળ થતાં લગ્નો અટકાવવા,અને કુટુંબો મજબુત બને એ દિશામાં વેડીંગ પ્રોજેકટ સમયની જરુરીયાત છે.લગ્ન પહેલા અને લગ્ન પછી કપલમાં સમજદારી ઊભી કરવી એ માત્ર કુટુંબની ફરજ નથી પરંતુ તેમાં ચર્ચ સાથે જોડાયેલ હોય તો કપલ અસ્થિર બનતાં અટકી જાય અને સારુ કુટુંબનું નિર્માણ થઇ શકે એવી ભાવનાથી કરાયેલ આ પ્રોજેકટ માટે ચર્ચોમાં લગ્ન કરવા માટે ૨૨ ટકાનો વધારો નોધાઇ શકે છે તેવું ચર્ચ ઓફ ઇંગ્લેન્ડ નું માનવું છે.

# વિલો ક્રીક કોમ્યુનીટી ચર્ચ, ન્યુયોર્ક સૌથી સારુ કામગીરીનું સ્થળ

ચીકાગો એરીયા મેગાચર્ચ વિલો ક્રીક કોમ્યુનીટી ચર્ચ,ન્યુયોર્ક સ્થિત અમેરિકન બાયબલ સોસાયટી, અને કેલીફોર્નિયા સ્થિત જોની અને તેમના મિત્રોએ જેઓ ખ્રિસ્તી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે તેમણે આ વર્ષે સૌથી સારી કામગીરીના સ્થળની એક સુચિ તૈયાર કરી.શ્રેષ્ઠ ખ્રિસ્તી સંસ્થા કામગીરીના સ્થળો માટે ૨૦૧૨માં તૈયાર કરાયેલ યાદીમાં ૩૮ સંસ્થાઓએ ભાગ લીધો હતો.આ સંસ્થાએ કરેલા સર્વેક્ષણ મુજબ તેમણે ૮૮ સંસ્થાઓના ૧૪,૦૦૦ લોકોની મુલાકાત લીધી હતી.સર્વેક્ષણમાં અન્ય કેટલાક મુદ્દાઓ પર પણ વાતચીત કરવામાં આવી હતી.આ મુદ્દાઓમાં પોતે જે કામગીરી કરે છે તેનાથી તેઓ સંતુષ્ટ છે કે કેમ ?,કામમાં તેમનુ પર્દાપણ,ખ્રિસ્તી તરીકે તેમની સાક્ષી, તેમની યોગ્યતા,કામનો સંતોષ,વળતર અને લાભો,તેમનું ટીમવર્ક, કોમ્યુનીકેશન,વિગેરે ૫૫ મુદ્દાઓ પર લોકોએ જવાબો આપ્યા હતા.



બીસીડબલ્યુઆઇના પ્રેસિડેન્ટ અલ લોપુસના જણાવ્યા પ્રમાણે અમો એવા લોકોને સલામ કરીએ છીએ જેમણે આ વર્ષનુ ઉત્તમ ખ્રિસ્તી કામગીરીનુ સ્થળ બનાવવા માટે તંદુરસ્ત વાતાવરણ તેમના સ્ટાફ માટે પુરુ પાડ્યું છે.સારા ખ્રિસ્તી કામગીરીના સ્થળના સર્વેક્ષણમાં ભાગ લેવા માટે ખ્રિસ્તી મિશન જરુરી છે.અને તે માટે ઓછામાં ઓછા ૧૦ ફુલ ટાઇમના કામદારો હોવા જરુરી છે તેવું ઇન્સ્ટીટયુટની વેબસાઇટ પર જણાવાયું હતું.આ પ્રકારના સર્વે માટે દરેક કામગીરીના સ્થળ માટે સંસ્થાનું તંદુરસ્ત વાતાવરણ ખુબજ જરુરી છે.જેમાં દરેક કામદારની સાથે માનભર્યો વર્તાવ,તેમને તેમની અંગત બાબતોમાં પણ મદદ,સંસ્થાનો વિકાસ કરવા માટે તેમનો યોગ્ય ઉપયોગ,તેમજ વિકાસમાં તમામ ભાગીદાર બનતા કામદારોને પ્રમાણપત્ર અને તેનો બદલો આપવો જરુરી છે.આ યાદીમાં અન્ય સારા કામગીરીના સ્થળોમાં હોપ ઇન્ટરનેશનલ,મોપ્સ ઇન્ટરનેશનલ, ધ નેવીગેટર્સ,લોગોસ બાયબલ સોફ્ટવેર, અને સમારીટન મીનીસ્ટ્રીનો સમાવેશ થાય છે.

**સમાચાર સંપાદન**
શ્રી સંજય પોલ ચૌહાણ

## સેંટ થોમસ જેકોબાઇટ સીરીયન ચર્ચ,અરપ્પુકારાએ દેવું ચુકવવા નવો રસ્તો અપનાવ્યો



સેંટ થોમસ જેકોબાઇટ સીરીયન ચર્ચ,એરપ્પુકારાના સભ્યોએ ચર્ચ ઉપર થયેલ દેવુ ચુકવવા માટે એક નવો રસ્તો અખત્યાર કર્યો છે.આ પેરીસના લોકોએ ડાંગરનું વાવેતર કરીને તેની ઉપજમાંથી ચર્ચનું દેવું ચુકવવાનું નકકી કર્યુ છે.જેથી ચર્ચના બાંધકામ માટે થનાર દેવું ચુકવી શકાય.

આ ચર્ચના બાંધકામ પાછળ ૧.૪ મીલીયન રુપીયાની જરુરત પડશે અને તેમની પાસે આ નાણાં નથી તેથી થનાર દેવાની ચુકવણી માટે કોઇ રસ્તો તેમણે શોધવા માટે પ્રયત્ન કર્યો અને તેમાંથી તેમને આ રસ્તો સુઝ્યો.નવા ચર્ચના બાંધકામ પેટે ૧૦.૫ મીલીયન રુપીયાની જરુરીયાત રહેશે.

ફાધર થોમસ કુરીયન કંદનથારા,જે ચર્ચના વિકાર છે તેમણે જણાવ્યું હતું કે બાકીનું દેવું ચર્ચના સભ્યો દ્વારા પુરુ પાડવામાં આવશે.સાત એકર લીઝ પર લીધેલ જમીનમાં ડાંગરનું વાવેતર કરવામાં આવશે અને તેમાંથી મળેલ ઉપજ દ્વારા ચર્ચ બાંધકામના નાણાંનું ઉપાર્જન કરવામાં આવશે.

અહીયા ૯૨ કુટુંબો વસે છે. અને તે પૈકીના ૫૦ કુટુંબો ખેતી સાથે સંકળાયેલા છે.ઉપજનો તમામ નફો ચર્ચ ખાતે જશે અને સભ્યો દ્વારા કરવામાં આવેલ મહેનત બિલકુલ માનદ હશે.ચર્ચ પણ સરકાર દ્વારા પેડી પર અપાતી સબસીડી મેળવવા પ્રયાસ કરશે.આ ડાંગરની ખેતી માટેની જમીન બે અલગ અલગ જગ્યાઓ પર આવેલી છે તે પૈકી એક ચલાકીરી ખાતે અને બીજી મનીયાસપરામ્બુ ખાતે આવેલી છે.ચર્ચ બીજી ૫૦ એકર જમીન લીઝ પર લેવા માટે વિચારણા કરી રહ્યું છે.જે લગભગ કોટ્ટાયમ ના ઇસ્ટર્ન વિસ્તારમાં હશે.

ફાધર કંડનથારાએ જણાવ્યું હતું કે દેવામુક્ત થયા બાદ પણ ચર્ચના સભ્યો ખેતી લીઝની મુદત પુરી થાય ત્યાં સુધી જારી રાખશે.ચર્ચના સભ્યો નવા અભિગમ પ્રત્યે ઉત્સાહી છે.તેમનું મનપસંદ ખેતી કાર્ય દ્વારા ચર્ચને દેવા મુકત્ કરી શકાશે તેથી તેઓનામાં આનંદની લહર વ્યાપેલી છે.

## ચર્ચ લીડરો દ્વારા વિશ્વભરથી આવેલા રીઓ-૨૦ કોન્ફરન્સમાં આવેલા નેતાઓ સામે રજુઆત




રીઓ+૨૦ કોન્ફરન્સમાં ભાગ લેવા સરકારી અધિકારીઓ, રાજ્યોના વડા ભાગ લેવાના છે ત્યારે ચર્ચ લીડરો તેમની પાસે વિશ્વના વિકાસ અને તેના રક્ષણ માટે આશા રાખે છે.જેથી આવનાર પેઢીને સારુ ભવિષ્ય પ્રદાન કરી શકાય તે માટે કેટલાક ગ્રુપો અસરકારક રજુઆતો કરી રહ્યા દેખાય છે.

વિશ્વવ્યાપી ગંભીર પ્રશ્નો જેવાંકે ગ્લોબલ વોર્મીંગ, ભુખમરો, ગરીબી,બેકારી આરોગ્ય વિગેરે છે.તેના માટે વિશ્વભરના નેતાઓ રીઓ કોન્ફરન્સમાં ભાગ લેવા આવ્યા છે ત્યારે તેમનું ધ્યાન કેન્દ્રીત કરવા માટે ચર્ચ લીડરો ખાસ પ્રયત્ન કરી રહ્યા છે.

## ખ્રિસ્તી યુવકોના કેમ્પ પર મેકસીકોના હથિયારધારી ગ્રુપે હુમલો કર્યો

યુકો પાર્ક,મેકસીકન સીટીની પાસે,હોલી ટ્રીનીટી ચર્ચ ગ્રુપ દ્વારા આયોજીત ખ્રિસ્તી યુવક-યુવતીઓના કેમ્પ પર કેટલાક હથિયારીધારી ગ્રુપે હુમલો કર્યો હતો.જેમાં ૯૦ જેટલા યુવક-યુવતીઓ ધાયલ થયા હતા.એક કલાકથી વધુ ચાલેલા આ આતંકમાં યુવકોને મારવામાં આવ્યા હતા,તેમની પાસેથી સાધન સામગ્રી લુંટી લેવાઇ હતી અને યુવતીઓ પર બળાત્કાર કરવામાં આવ્યા હતા.તેવું ત્યાંના સ્થાનિક સત્તાવાળાઓ તરફથી જણાવાયું હતું.સાત યુવતીઓ પર બળાત્કાર કરવામાં આવ્યા હતા.આ બનાવ જ્યા બન્યો તે વિસ્તારને બંધ કરવામાં આવ્યો હતો કારણકે ત્યાં પોપોકેટીપીટ નામનો જ્વાળામુખી પર્વત આવેલો છે તેથી જાહેર જનતા માટે આ વિસ્તારને બંધ કરવામાં આવ્યો હતો.



આ યુવક-યુવતીઓ બાયબલ અભ્યાસ અને પ્રાર્થના માટે એકઠા મળ્યા હતા. જો કે આ વિસ્તારમાં સ્થાનિક પોલીસ પેટ્રોલીંગ કરે છે.પરંતુ જ્યારે આ બનાવ બન્યો ત્યારે ત્યાંનું વાતાવરણ બરાબર નહોતું જેથી પોલીસ સમયસર પહોચી શકી નહોતી.પોલીસ સત્તાવાળાઓ હુમલાખોરોની શોધખોળ કરી રહ્યા છે.અને જણાવાયું હતુ કે જેઓ આ ઘટના સાથે સંડોવાયેલા છે તેમને તાત્કાલીક પકડી લઇને તેમની સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.

## ફેસબુક લઘુતાગ્રંથિ જન્માવે છે !

facebook

ફેસબુક અને ટ્વીટરનો ઉપયોગ કરનારા પાંચ વ્યક્તિઓ પૈકી એક સતત પોતાની સરખામણી અન્યો સાથે કરે છે.યુકેની એક વેબ સાઇટે આ બાબતે ૧૩૦૦ વ્યક્તિઓનો સર્વે કર્યો હતો.પરિણામમાં એ જાણવા મળ્યું હતું કે વ્યક્તિ સતત પોતાના વ્યક્તિત્વને અપડેટ કરે છે.જેમાં તેમના લગ્નોના ફોટાઓ,નવું ઘર,બાળકો, નવી ખરીદી, અને બીજી અન્ય બાબતો નગમતી જોડાયેલી હોય છે.કેટલાંક લોકો પોતાના જીવન સામે પ્રશ્નો અને તુલના કરતા હોય છે.૩૦ ટકા લોકો એવું વ્યકત કરતા હોય છે કે તેઓ તેમના મિત્રોની લાગણીઓથી અસંમત,કુટુંબના સભ્યોની,પોતાના કલીગ્સ અને પોતાના પાડોશીઓની લાગણીઓથી અસંમત હોય છે.૪૦ ટકા લોકો જણાવે છે કે તેઓએ જે ગુમાવ્યું છે તે બાબતે તેઓ વિચારતા નથી. કેટલાંક લોકો એવું દેખાડવા પ્રયત્નશીલ હોય છે કે તેઓ જે પ્રકારનું જીવન જીવી રહ્યા છે તે માત્ર આનંદ અને પ્રમોદ ખાતર છે.જ્યારે ૩૦ ટકા લોકો અત્યારથી આર્થિક પરિસ્થિતિમાં તેઓ તેમના જીવનમાં કોઇપણ પ્રકારના તણાવ વગર જીવે છે અને તેઓ અન્યોના જીવન માટે દરકાર કરતાં નથી.

જ્યારે ૧૯ થી ૨૪ વર્ષના યુવાનોએ કબલ્યું છે કે તેઓ તેમનો મોટો ભાગનો ટાઇમ તેમના ફેસબુકના મિત્રો સાથે અને તેઓ જે પ્રકારનું જીવન જીવી રહ્યા છે તે પ્રમાણે પોતાને અનુકુળ બનાવવાના પ્રયત્નમાં લાગી રહેલા છે.જ્યારે ૨૫ થી ૪૪ વર્ષના લોકોએ જણાવ્યું હતું કે તેઓ બીજા લોકો કેવી રીતે જીવી રહ્યા છે તે બાબતો તેઓ નેટવર્કથી જાણે છે.જ્યારે ઘરડા લોકો આ બધી બાબતોથી અસરગ્રસ્ત નથી.જો કે ૪૫ થી ૫૪ વર્ષની આયુના લોકો કહે છે કે તેઓ જુએ છે પરંતુ તેઓ તેને માણે છે.ડો. સેન્દ્રા સ્કોટ,સાઇકાટ્રીસ્ટ કહે છે કે સોશયલ નેટવર્કીંગનો ઉદય થયો છે. તેનો મતલબ એ છે વધુ પડતાં જોનેસીસ ઉભા થયા છે.જે સમાજને આજના સમાજ સાથે સાંકળે છે.આપણે આપણા જીવનો માટે વધુ લોકો પાસેથી માહિતી મેળવીએ છીએ.અને આપણા જીવનને અને લાઇફસ્ટાઇલને અન્યો સાથે સરખામણી કરીએ છીએ જે સોશયલ મીડીયા દ્વારા અન્યો આપણને કહે છે.આપણી એક રીતભાત છે કે આપણે એવું જોવા માંગીએ છીએ કે અન્યો આપણા માટે કેવું વિચારે છે કે અન્યોની સરખામણીમાં આપણે ક્યાં છીએ.જે આપણને આપણી લાઇફસ્ટાઇલને અન્યોની સરખામણી તરફ લઇ જાય છે.જે કદાચ આપણા હિતમાં ના પણ હોય.આપણા માટે એક ચાવી છે કે આપણે આપણી જાત ઉપર,અને આપણા તથ્યો ઉપર વિચારીએ,કે આપણે કોણ છીએ, અને આપણી પાસે શું હોવું જોઇએ.સર્વેમાં એ જાણવા મળ્યું હતું કે આપણી મનપસંદ કઇ ચીજવસ્તુઓ છે જેમાં લોકો રોકાણ કરે છે જેમાં આપણો અહંમ પણ સામેલ છે. તેવી ચીજ વસ્તુઓ કે મનપસંદ બાબતોમાં ૧. રજાઓ,૨.નવું રસોડુ કે બેડરુમ,૩.નવી કાર,૪.કન્જરવેટોરી-લોફ્ટ કન્વરઝન, ૫.ન્યુ બાથરુમનો સમાવેશ થાય છે.


**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી સુનીલકુમાર એમ. ઇમાનુએલ સોસા.ભાલેજ રોડ, આણંદ.૧ મો.૯૭૧૨૭૪૫૧૯૫
૦૨૬૯૨-૨૫૯૨૩૪
૩.શ્રી ગીદીયોલ પોલ, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**


શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

# અમેરીકન-ઇઝરાયેલી અભ્યાસ દ્વારા ચિત્તભ્રમનો ઉપાય

અમેરિકન-ઈઝરાયેલી અભ્યાસ દ્વારા ચિત્તભ્રમ રોગીઓને એક ઉપાય બતાવ્યો છે.તેમાં તેમણે જણાવ્યું હતું કે ૫૦ ટકા ચિત્તભ્રમના રોગીઓ નિયમિત રીતે પ્રાર્થના કરવી જોઈએ તો તેઓ આ રોગ પર કાબુ મેળવી શકે છે.જ્યારે તમે ચર્ચ પાસેથી પસાર થતા હો તો થોડીક ક્ષણો ચર્ચ પાસે રોકાજો અને પ્રાર્થના કરશો.આ અભ્યાસને નાણાંકીય પીઠબળ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ ઈન વોશીગ્ટન ડીસી દ્વારા પુરુ પાડવામાં આવ્યું હતું.આ અભ્યાસમાં એવું તારણ પણ નોંધવામાં આવ્યું હતું કે મોટા ભાગની મહિલાઓ જેઓને આ રોગનો ખતરો છે અથવા તો તેઓ તે રોગના પ્રાથમિક તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે.તેઓ પ્રાર્થના દ્વારા તેનો સરળ ઉપાય કરી શકે છે.આ અભ્યાસમાં આ પહેલા પણ એવું તારણ જાણવા મળ્યું હતુ કે ધાર્મિકતા આ રોગમાં અગત્યનો રોલ ભજવી શકે છે.જેઓ વધુ ધાર્મિક છે તેઓને અલઝાઈમરની અસર ખુબ ઓછા પ્રમાણમાં થાય છે.યાકીર કુફમેન,ન્યુરોસાઈકીયાટ્રીકના વડા,જેઓ હેરઝોગ હોસ્પીટલ, જેરુસાલેમમાં કાર્યરત છે તેમણે આ



જણાવ્યુ હતું.ઈઝરાયેલી સંસ્થા મેલાબેવે અલઝાઈમરના ૬૦૦ દર્દીઓ તેમના જુદા જુદા ૧૦ સેન્ટરોમાં ચકાસણી માટે બોલાવ્યા હતા.જેમના જીવનમાં રોજીદી પ્રાર્થના એક ભાગરુપે હતી.ઈઝરાયેલમાં લગભગ ૧ લાખ લોકો અલઝાઈમરના રોગી છે.મેલાબેવ ખાતે આ રોગના દર્દીઓને પ્રાર્થના એક લેમીનેટેડ કાર્ડ પર મોટા અક્ષરે ટાઈપ કરીને તૈયાર કરીને આપવામાં આવી હતી.પરંતુ ઘણા રોગીઓ તેમની યાદશક્તિ પર આધારિત પ્રાર્થના કરતા હતા.જે પ્રાર્થના તેઓને તેમના રોજીંદા જીવનમાં શક્તિનો સંચાર કરતી હતી.પ્રાર્થનામાં કોઈ એવું તત્ત્વ છે જે એમને મદદ કરે છે.જે તેમની લાગણીઓને મજબુત બનાવે છે.

ઈઝરાયેલમાં સરેરાશ આયુષ્ય પુરુષોમાં ૮૦ વર્ષ અને સ્ત્રીઓમાં ૮૪.૨ વર્ષનું છે.જે વિશ્વના દેશોમાં સૌથી ઉંચા આયુષ્ય ધરાવતા દેશોમાં ચોથા સ્થાને છે.જાપાન,હોંગકોગ, અને સ્વીઝરલેન્ડમાં આયુષ્ય દર ઉંચો છે.

પ્રોફેસર રીવકા ઈનઝેલબર્ગ,તેલ અવીવ યુની.જેઓ આ સંશોધનના લીડર છે તેઓ જણાવે છે કે ચિત્તભ્રમમાં પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે છે.આ રોગીઓમાં સ્ત્રીઓ ૫૦ ટકાથી વધારે છે.

---

સમગ્ર બ્રિટનના ખ્રિસ્તીઓ પોતાનો રેકોર્ડ ઓલેમ્પીક દરમિયાન બનાવશે.કારણકે ઓલેમ્પીકની રમતો ચર્ચના સભ્યોએ સૌથી વધુ રસ લીધો છે અને પોતાનું યોગદાન આપ્યું છે.જે એક ગોલ્ડ મળવા કરતાં પણ વિશેષ છે.ચર્ચ રમતોની સાથે કોમ્યુનીટી એકટીવીટી,ફેમીલી ફનડે,ચિલ્ડ્રન કલબ્સ,સ્ટ્રીટ પાર્ટીઝ,કવીઝ નાઈટ્સ,કોમ્યુનીટી કાફે,સ્પેશીયલ ચર્ચ સેલીબ્રેશન,અને જેઓ પોતાના ઘેર રહીને રજાઓ માણી રહ્યા છે.એ તમામે વિશેષ એકટીવીટીઓમાં પોતાનું યોગદાન આપ્યું છે.ઓલેમ્પીક રમતોમાં કુલ ૬૦૦ ગોલ્ડ મેડલ ખેલાડીઓને મળશે તેવું તેનો નકશો બતાવી રહ્યો છે.ચર્ચને ઓલેમ્પીક ટોર્ચ રેલીમાં દેશભરમાં જોડાવાની તક મળી હતી ત્યારે તેમના ખ્રિસ્તી સભ્યોએ મફત રીફ્રેસમેન્ટ સ્ટ્રીટોમાં પુરા પાડ્યા હતા.તેમજ ખાસ પ્રકારના કાર્યક્રમો આયોજીત કર્યા હતા.






સુર્વણ ચંદ્રક મેળવનારા ખેલાડીઓના ફેમીલીના સભ્યોને મફતમાં રહેવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.જે ખેલાડીઓના કુટુંબના સભ્યો અન્ય સ્થળોએ રહેવા માટે ખર્ચ ઉઠાવી શકે નહી તેવા ૩૫૦ ખેલાડીઓના કુટુંબીજનો માટે ખ્રિસ્તી ભાઈઓ તરફથી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.૩૦૦ જેટલા ગેમ્સ પાસ્ટર વોલેન્ટીયર્સ મુલાકાતીઓને શહેરમાં રસ્તાઓની જાણકારી આપશે તેમજ મુખ્ય ટ્રાન્સપોર્ટેશન સેન્ટરો સુધી લઈ જવાની વ્યવસ્થા આપશે.

સાલ્વેશન આર્મીની ટીમે ઓલેમ્પીકની મુલાકાતે આવેલા તમામ મુલાકાતીઓ તેમજ દર્શકો માટે પીવાના પાણીનું મફત વિતરણ કર્યું છે.રમતો દરમિયાના ૭૦૦ જેટલા કલાકારો મફત મનોરંજન પુરુ પાડશે.જેમાં મ્યુઝીશીયન,ડાન્સર્સ,વિઝ્યુલ આર્ટીસ્ટ ૩૦ જેટલા મનોરંજનના કાર્યક્રમો આપશે.યુ.કે.ની ઓલેમ્પીકમાં મોર ધેન ગોલ્ડ વોલેન્ટીયર્સમાં જોડાવા માટે યુકે ઉપરાંત અન્ય ૪૦ દેશોમાંથી લોકો આવ્યા છે.ઓસ્ટ્રેલીયા અને જમૈકામાંથી પણ સ્વયંસેવકો આવ્યા હતા.

# હોલીવુડ બાયબલ આધારિત નોહા પર ફિલ્મ બનાવશે



ડાયરેકટર ડેરેન એરોનોફસ્કી તેમની ધ ફાઉન્ટેન વિવાદાસ્પદ ફિલ્મ માટે જાણીતા છે.તેઓ બાયબલ આધારિત નોહા ઉપર ફિલ્મ બનાવવા માંગતા હોઈને તેઓ બાયબલનો અભ્યાસ કરી રહ્યા છે.આ માટે તેમણે ૧૧૫ મીલીયનનું ફંડ ઉભુ કર્યું છે.તે પરથી એમ જરુરથી કહેવાય કે આ તેમનો મોટો પ્રોજેક્ટ છે.રસેલ ક્રોવ નોહાના પાત્ર માટે નક્કી કરવામાં આવ્યા છે.તેમની પત્ની તરીકેનો રોલ જેનીફર કોનેલી કરવાના છે.લોગાન લર્મન અને ડગ્લાસ બુથ તેમના આ પ્રોજેકટ સાથે જોડાયેલા છે. અને આ ફિલ્મનું નિર્માણ આ સમયમાં આઈસલેન્ડ અને ન્યુયોર્કમાં થવાનું છે.ફિલ્મ ૨૦૧૪માં પ્રદર્શિત કરવાનું પ્રયોજન છે.એરોનોફસ્કીએ ફ્રાંસમાં તેમની ગ્રાફિક નોવેલ નોઈ પ્રકાશિત કરી છે.નોઈનો મતબલ એવો થાય છે કે એ આશા વગરનું વિશ્વ,વરસાદ અને ફસલ વગરનું વિશ્વ,માત્ર જંગલીયત અને યુધ્ધથી ભરેલું,ઘાતકી વિશ્વ.નોહા એ સજ્જન વ્યક્તિ હતા.મુસીબતો સામે પડકાર આપનાર સમજુ પુરુષ,પરંતુ તેઓ તેમના અને તેમના કુટુંબ માટે જ શાંતિ ઝંખતા હતા.દરેક રાત્રીએ તેઓ વિનાશક પુરથી તારાજ થયેલ તમામ જીવનો માટે વિચારતા હતા.તેઓ તેમને મળેલા સંદેશાને સમજવા લાગ્યા હતા જે તેમને ઈશ્વર તરફથી મળ્યો હતો.પરંતુ ઈશ્વર તો માનવજાતિને શિક્ષા કરવા માંગતા હતા અને તેમનો અંત લાવવા માંગતા હતા.પરંતુ તેમણે નોહાને એક છેલ્લી તક આપી હતી જેથી દુનિયા પર જીવનનું અસ્તિત્વ ટકી રહે.

ખ્રિસ્તીઓ માટે નોહાની વાત સ્પષ્ટ કરે છે ઈશ્વર તેના લોકોને રક્ષણ આપે છે.ડાયરેકટરે નોહાની આ પાવન વાતને રજુ કરી છે.તેઓ એમ કહે છે કે આ માત્ર ધાર્મિક વાર્તા નથી.પરંતુ અનેક ધર્મો અને ધાર્મિક માન્યતાઓને વજુદ આપતી બાબત છે.હું માનું છું કે ફિલ્મ બનાવવા માટે આ એક ખુબજ મોટી વાર્તા છે.તેઓ એમ માને છે કે ધર્મ અને આત્મિક બાબતો બેઉ અલગ બાબત છે.ધર્મ લોકો પર અધિકાર જમાવવા માટે અને જેઓ અધાર્મિક છે તેમની ઉપર પકડ જમાવવા માટે છે.ફિલ્મનો બીજો સંદેશો કહીએ તો એ છે કે ઈશ્વર ગમે તે જગ્યાએ શોધી શકાય છે.સત્ય એ છે કે બધીજ જગ્યાએ.જેથી તમારે આત્મિક રીતે સધ્ધર થવા માટે કોઈ ધર્મની આડશ લેવાની જરુર રહેતી નથી.આ બધી બાબતો અનેક સવાલો પેદા કરે છે.નોહાની વાર્તા ખરેખર ફરીથી બાયબલ આધારિત છે તે પ્રમાણે દેખાડાશે .કે પછી તે ખરેખર વાર્તાને અન્યાય કરશે ?

જ્યારે ફિલ્મ રજુ કરવામાં આવશે ત્યારબાદ જ નક્કી કરી શકાશે કે ખરેખર બાયબલમાં જે રીતે નોહાની વાત લખવામાં આવી છે તે પ્રમાણેનો ન્યાય આ ફિલ્મ બનાવનાર ડાયરેકટર કરી શક્યા છે કે કેમ ? ખુબજ મોટા બજેટની ફિલ્મ છે અને તેના કલાકારો પણ ખુબજ સારા છે. ૨૦૧૪નો ઈન્તજાર કરીએ


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬





## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.